**તાપમાન**
મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૬ | ૨૭ એપ્રિલ, ૨૦૧૬, બુધવાર ; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પાટનગરની પ્રજાનો જનાદેશ - અમારે તો બેય સરખા

## ભાજપ અને કોંગ્રેસને ૧૬-૧૬ બેઠકો મળતા શહેરમાં રાજકીય ઉત્તેજના પરાકાષ્ટાએ : કોંગ્રેસની ત્રણ પેનલો જીતી; ભાજપની એક પેનલ જીતી : પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાનો પરાજય, વર્તમાન ડે. મેયર કાર્તિક પટેલ જીત્યા, વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, સ્ટેન્ડીંગ કમિટિના પૂર્વ ચેરમેન પ્રવીણભાઈ પટેલ જીત્યા પણ શાસક પક્ષના નેતા ગોવિંદભાઈ પરમારનો પરાજય





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં થયેલા મતદાન બાદ આજે હાથ ધરાયેલ મતગણતરીમાં ભાજપ-કોંગ્રેસ બન્નેને સરખી બેઠકો પર વિજયની વરમાળા પહેરાવતાં જનતાએ જનાદેશમાં તેના મતે ભાજપ-કોંગ્રેસ બન્નેને સરખા કહ્યા છે.

આજે અત્યંત ઉત્તેજના પૂર્ણ વાતાવરણમાં હાથ ધરાયેલ મત ગણતરીમાં બન્ને પક્ષોએ વિજયના વધામણાંની તૈયારીઓ જોર શોરથી કરી હતી. જો કે ગત ચૂંટણી કરતાં સાત ટકા મતદાન ઓછુ થયું હોવાને કારણે બન્ને પક્ષો સહિતના ઉમેદવારોના જીવ પડીકે બંધાયા હતા.

વોર્ડ નં. ૧માં ભાજપે આખી પેનલના વિજય સાથે વિજય ચોગ્ગો ફટકારતાં ભાજપની છાવણીમાં આનંદ છવાયો હતો ત્યાં વોર્ડ નં. ૫માં કોંગ્રેસે પેનલના વિજય સાથે બરોબરીનો શંખનાદ કર્યો હતો.

વોર્ડ નં. ૨માં પણ કોંગ્રેસની પેનલે વિજય મેળવી ભાજપ પર સરસાઈ મેળવી હતી. તો બીજા હોલમાં વોર્ડ નં. ૬માં ભાજપે પણ ત્રણ બેઠકો પર વિજય નોંધાવી પુનઃ પોતે જ લોકપ્રિય છે તેવુ ગાન ગાવાનો પ્રયાસ કર્યો હતો.

વોર્ડ નં. ૩ જે ગત સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને ગયો હતો તેમાં ગાબડુ પાડતાં ભાજપે ૩ બેઠક પર વિજય મેળવ્યો હતો. કોંગ્રેસે પણ વળતો ઘા કરતાં રસાકસી ભર્યા આ જંગમાં પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાને પૂર્વ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે ૬૩ જેટલા મતે પરાજય આપ્યો હતો.

આમ બન્ને પક્ષો લગભગ સરખે સરખા થઈ ગયા હતા ત્યાં ભાજપનો ગઢ ગણાતા વોર્ડ નં. ૭માં કોંગ્રેસના ચારેય ઉમેદવારોએ વિજય ધ્વજ લહેરાવતાં કોંગ્રેસના કાર્યકરો તેમના આનંદને રોકી શક્યા ન હતા. આ વોર્ડમાં ભાજપના પૂર્વ પ્રમુખ રૂચિર ભટ્ટ અને સહકારી ક્ષેત્રના અગ્રણી તેમજ યુવા મોરચાના પૂર્વ કન્વીનર શ્રી ઘનશ્યામ પટેલને ૯૦૦થી વધુ મતે પરાજય આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## તમે બંને સરખા છો અમારે માટે, રાજા તો પ્રજા જ છે

### ચિઠ્ઠી ઉછાળી નવા મેયરની પસંદગી થશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ - કોંગ્રેસ બંનેને સરખી બેઠકો મળતા નવા સુકાનીની પસંદગીને લઈ અટકળો અને કેવી રીતે પસંદગી થશે તેની ચર્ચાઓએ પાટનગરમાં શરૂ થઈ ગઈ છે.

કાયદા નિષ્ણાતોના મતે બંને પક્ષોને સરખા મત મળે તો ચિઠ્ઠી ઉછાળીને વિજેતાની જાહેરાત થશે આ પછીની બેઠકોમાં કાસ્ટીંગ વોટથી નિર્ણયો લેવાશે.

હોર્સ ટ્રેડીંગ થવાની વાતોએ પણ જોર પકડ્યું છે. ભાજપ તડજોડની રાજનિતમાં નથી માનતું તેવી ચૂંટણી પહેલાની વાતોને ટાંકી પ્રજા બંને પક્ષોના પ્રતિનિધિઓની વિધાનસભા ચૂંટણી પહેલા પરીક્ષા લઈ રહી છે.

ગાંધીનગરની ચૂંટણીના પરિણામો એ વાત પણ સ્પષ્ટ કરી છે કે તમે બંને સરખા છો અમે જ સાચા રાજા છીએ. જોઈએ હવે કોણ કોણ કેવા-કેવા ખેલ ખેલે છે.

આ ચૂંટણીના પરિણામો પછી નિયમોમાં સુધાર કરવા જોઈએ તેવી વાતો પણ લોકમુખે થતી સાંભળવા મળી છે. જો કે હવે ૧૦મી મેની આસપાસ પુનઃ રાજકારણ નગરનું ગરમાશે તેમ મનાઈ રહ્યું છે.

## મનપામાં પ્રથમ અઢી વર્ષ બિનઅનામત પુરુષ મેયર બનશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના નવા મેયર પહેલા અઢી વર્ષ માટે સામાન્ય (બિનઅનામત) વર્ગના પુરુષ રહેશે તેવું શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે. બાકીના અઢી વર્ષ દરમિયાન મહિલા મેયર રહેશે એવું આદેશમાં જણાવાયું છે.

## કયા પક્ષને કેટલા મત મળ્યા

| પક્ષ | મળેલ મત |
|---|---|
| કોંગ્રેસ | ૧૩૬૦૫૫ |
| ભાજપ | ૧૨૯૭૪૩ |
| અપક્ષ | ૯૦૨૯ |
| અન્ય | ૬૦૯૦ |
| બીએસપી | ૪૦૪૨ |
| એનસીપી | ૩૮૨૯ |
| નોટા | ૧૧૦૭ |
| કુલ | ૨૮૯૮૯૫ |

## ગુજરાત એફડીઆઈ રોકાણ મેળવવામાં ટોપ

અમદાવાદ, તા. ૨૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વની ગુજરાત સરકારે એફડીઆઈ રોકાણો મેળવવામાં ચીન અને ભારતના ટોપ ૧૦ રાજયોમાં પ્રથમ ક્રમ મેળવવાની ગૌરવસિધ્ધિ હાંસલ કરી છે. આંતરરાષ્ટ્રીય એજન્સી ફાયનાન્સિયલ ટાઈમ્સ દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર ગુજરાતે ૨૦૧૫ના વર્ષમાં ૧૨.૩૬ બિલિયન ડોલરનું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ મેળવ્યું છે. આ ઈન્વેસ્ટમેન્ટ ૨૦૧૪ના વર્ષમાં મળેલા ૨.૦૧ બિલિયન ડોલરની તુલનાએ ૬ ગણું વધારે છે.











